ખંભીસર દલિત યુવક વરઘોડો ઘર્ષણ મામલો

૧૬ મહિલા આરોપીનું આત્મસમર્પણ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે અનુસૂચિત જાતિના સમાજના યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડનો ૧૨મી મે રવિવારે લગ્ન હોવાથી તેનો વરઘોડો ગામમાં ફરવાનો હોવાથી ગામમાંથી વરઘોડો ન કાઢવા અંગે પટેલ સમુદાયના લોકો સાથે વિવાદ થયો હતો. જેથી પોલીસ રક્ષણ સાથે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. વરઘોડો ગામમાંથી ન નીકળે તે માટે ગામલોકોએ રસ્તામાં ઠેર ઠેર યજ્ઞ યોજતા ત્રણ-ચાર વાર રસ્તો બદલવાની ફરજ પડી હતી.

ખંભીસર ગામની મહિલાઓએ અનુ.જાતિ યુવકનો વરઘોડો ગામમાંથી ન નીકળેની મક્કમતા સાથે મહિલાઓ જાહેરમાર્ગ પર રામધૂન બોલાવવા બેસી જતા પોલીસ મૂક પ્રેક્ષક બનતા અને અંધારું થતા બંને સમાજના લોકો વચ્ચે ઘર્ષણ ઉગ્ર સ્વરૂપ પકડાતા બંધ સ્ટ્રીટ લાઈટનો ફાયદો ઉઠાવી અનુ.જાતિના યુવકના વરઘોડા પર પથ્થરમારો થતા વરઘોડામાં સામેલ લોકો ઈજાગ્રસ્ત થતા અને વરરાજાના ઘોડાને માથામાં ઈજા થતા ઘોડાનું મોત થયું હતું. જે અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ૪૫ વ્યક્તિઓના નામજોગ જેમાં ૧૬ મહિલાના નામ સામેલ હતા તથા ૧૫૦ લોકોના ટોળા સામે એટ્રોસિટી અને પશુવધ તેમજ પોલીસની ફરજમાં અડચણ ઉભી કરવા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનાના ૯૦ દિવસ પછી ૧૬ મહિલા અને ૨ શિક્ષક પુરુષ આરોપીએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કરતા તમામ ૧૬ મહિલા આરોપીને અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં મહિલા જેલની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી તમામ ૧૬ મહિલા આરોપીઓને સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવી હતી ૨ પુરુષ આરોપીઓને મોડાસા સબજેલમાં ધકેલી દીધા હતા.

હાઈકોર્ટના વકીલ કેવલસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર ખંભીસર વરઘોડા ઘર્ષણ કેસમાં અત્યારસુધી ૪૪ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે જયારે હજુ ૧ આરોપી કે જે ગામના સરપંચ છે જે નાસતા ભાગતા ફરી રહ્યા છે જેમની ધરપકડ કરવા રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાને રજુઆત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

ભિલોડાના સીમ વિસ્તારમાં ખેતરના કુવામાંથી મહાકાય અજગર ઝડપાયો

અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના સિમાડાઓમાંથી છેલ્લા ઘણા વર્ષોથી દિન-પ્રતિ-દિન અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે. ભિલોડા તાલુકા મથક ખાતેના સીમ વિસ્તારમાં ખેતરમાં સિંચાઈ માટે બનાવેલા પાણીના ઉંડા કુવામાંથી મહાકાય અજગર જીવદયા પ્રેમીઓ ધ્વારા ઝડપાયો હતો. સીમ વિસ્તારોમાંથી ઠેર-ઠેર અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.ભિલોડા ગામના ખેડુત પુત્ર રામાભાઈ બેચરભાઈ પટેલના ખેતરમાં મધ્યરાત્રે મહાકાય અજગર ઉંડા પાણીના કુવામાં પડ્યો હતો.

ભિલોડા-માલાવાવ વિસ્તારના રહેવાસી જીવદયા પ્રેમીઓ બાલાભાઈ મકવાણા, કાળુભાઈ મારીવાડ, અર્જુનભાઈ મારીવાડ, રોહિતભાઈ ઠાકોર સહિત જીવદયા પ્રેમીઓએ વન વિભાગની કચેરીમાં મૌખિકમાં જણાવ્યું હતું કે ખેતરના કુવામાં અજગર પડ્યો છે. વન વિભાગના અધિકારીઓએ ઉંડા કુવામાંથી અજગરને બહાર કાઢવાની ભારે જહેમત ઉઠાવી હતી પરંતુ મહાકાય અજગર ઝડપાયો ન હતો. અજગરને ઝડપી લેવા માટે રેસ્ક્યું ઓપરેશન હાથ ધરાયું હતું અત્રે ઉલ્લેખનીય છે કે વન વિભાગના બાહોશ અનુભવી અધિકારીઓના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા હતા.

ભિલોડા-માલાવાવ વિસ્તારના જીવદયા પ્રેમીઓ, ખેડુતો, શ્રમજીવીઓએ અથાગ મહેનત અને સામુહિક રીતે ભગીરથ પ્રયત્નો કરીને મહાકાય અજગરને ઉંડા પાણીના કુવામાંથી સલામત રીતે બહાર કાઢી કોથળામાં ભરી વન વિભાગના અધિકારીઓને અજગર સોપી દીધો હતો.વન વિભાગના અધિકારીઓએ મહાકાય અજગરને નિર્જન જંગલ વિસ્તારમાં સલામત રીતે મુક્ત કર્યો હતો.

ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૧૪

રક્ષાબંધન એ ભાઈ બહેનનો અનોખો તહેવાર છે. રક્ષાબંધનના તહેવારનું મહત્વ બાળકો જાણે એ માટે સ્કૂલોમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ધનસુરામાં આવેલ એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ઉજવણી કરાઈ હતી.

જેમાં નાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉજવણીમાં બાળકોએ વિવિધ ટ્રેડિશનલ કપડાંમાં ભાગ લીધો હતો. સાથે વિદ્યાર્થીનીઓએ તિલક કરી વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. સાથે ભાઈઓએ બહેનોને ભેટ આપી હતી. શાળાના બાળકોએ આ ઉજવણીમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ રાજકુમારી રાઠોડ અને સ્કૂલના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

મયુરનો મદોમસ્ત મલ્હાર... - ડીસા સહિત જિલ્લામાં મોડેમોડે પણ મેઘરાજાની મહેર થઈ છે તેથી લોકજીવનની સાથે સાથે પ્રકૃતિ પણ પૂરબહારમાં ખીલી ઉઠી છે, તેમાં પણ ધરતી માતાએ નવોઢાની જેમ સોળે શણગાર સજ્યા હોય તેમ ઠેરઠેર નયનરમ્ય અને મનભાવન દ્રશ્યો તન મનને તરોતાજા કરી અપાર શાતા આપી રહ્યા છે. કુદરતના આ કરિશ્માને હર કોઈ મન ભરીને માણી રહ્યા છે. તો પ્રકૃતિથી ભીંજાયેલો મેઘનો છડીદાર ગણાતો મયુર તો આગવી કળા કરી મેઘરાજાના આગમનને દિલોજાનથી વધાવી રહ્યો છે. ત્યારે દિયોદર તાલુકાના ધનકવાડા ગામે આગ માતાના મંદિર પરિસરની લીલીછમ્મ હરિયાળી વચ્ચે મલ્હાર છેડી ઢેલને મનાવતા મદોમસ્ત મોરની મનોહારી તસ્વીર કેમેરામાં આબાદ કેદ થઈ હતી.

પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંડ દ્વારા રેલી નિકળી

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દરવર્ષની જેમ આ વર્ષે પણ ૧૪મી ઓગસ્ટના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તિરંગા બાઈક રેલી યોજવામાં આવી હતી અને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંડ તથા બજરંગ દળ દ્વારા ૧૪મી ઓગસ્ટ અખંડ ભારત સંકલ્પ યાત્રાનું તિરંગા બાઈક રેલીનું દર વર્ષની જેમ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ નાની ભાગોળથી રેલી નિકળી હતી અને પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં જઈને પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં થઈને પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે રેલીનું સમાપન થયું હતું. જેમાં પ્રાંતિજ વિશ્વ હિન્દુ પરિષદના હોદેદારો તથા બજરંગ દળના હોદેદારો તથા કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાંતિજ પીઆઈ રાકેશભાઈ બ્રહ્મભટ્ટ તથા પ્રાંતિજ પીએસાઈ જોષી દ્વારા રેલી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ડેમાઈ ગામે પ્રજા સહયોગથી ભારતમાતા મંદિરનું નિર્માણ થશે

બાયડ, તા. ૧૪

એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નદ્રષ્ટા નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી લેવાનો અદભુત પૂર્વ નિર્ણયને જનમાનસમાં કાયમી કરવા માટે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ ગામે આજના અખંડ ભારતના સંકલ્પ દિવસે પ્રજાના સહયોગથી ભારત માતાના મંદિરનું નિર્માણ કરવા માટે ડેમાઈ ગ્રામ પંચાયતના સત્તાધીશો દ્વારા સંકલ્પ કરવામાં આવેલ છે.

દેશની આઝાદીમાં યોગદાન આપનાર આઝાદીના લડવૈયાઓના ચિત્રો, પ્રતિમા, પ્રદર્શિત કરી રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવામાં આવનાર છે. સ્વાતંત્ર સેનાની અને દેશ માટે શહીદ થનાર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુભાષચંદ્ર બોઝ તેમજ અન્ય શહીદ વીરના તેમજ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામા પ્રસાદ મુખર્જી, ડો. બાબાસાહેબ આંબેડકર જેવા સ્વાતંત્ર વીરોને પણ યાદગીરી કાયમ કરી રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવામાં આવશે. આ મંદિરના નિર્માણ માટે સમગ્ર ગામમાંથી લોકફાળો એકઠો કરવામાં આવશે

જેના કારણે ગ્રામજનોમાં આ મંદિરમાં પોતીકાનો ભાવ જાગૃત થશે શકે.

હમણાં જ દેશમાંથી ૩૭૦ની કલમ દૂર કરી અખંડ ભારત કરવા માટેના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહપ્રધાન અમિત શાહની યાદગીરી પણ ભારતના મંદિરની સાથે સાથે ઉજાગર કરવામાં આવશે.

સાથે-સાથે ડેમાઈ ગામની સ્થાપના આજથી ૭૦૦ વર્ષ પૂર્વે થઈ હોવાનું ઈતિહાસકારો કહી રહ્યા છે. બારોટના ચોપડામાથી ડેમાઈ ગામની ઉત્પતિનો ઈતિહાસ પ્રાપ્ત થયેલ છે. ભાવિ પેઢી પોતાના ગામનો ઈતિહાસ સુપેરે માહિતગાર થાય તે માટે શિલાલેખ, ગુજરાતી હિન્દી સંસ્કૃત અને અંગ્રેજીમાં ઉજ્જૈન નગરીના રાજા વિક્રમ આદિત્ય પ્રતિમા સાથે ઈતિહાસને કંડારવામાં આવનાર છે. ડેમાઈ ગ્રામ પંચાયતના સત્તાધીશો દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયના કારણે ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આ મંદિર નિર્માણ અંદાજીત ખર્ચ ૧૦થી ૧૫ લાખ રૂપિયા થનાર છે. અરવલ્લી જિલ્લાના સ્વાતંત્ર વીરોની યાદગીરીને પણ તાજી કરવામાં આવશે.

બાયડ-કપડવંજ રોડ પર ડેમાઈ પાસે "ધ બર્નિંગ કાર"ની ઘટના

બાયડ, તા. ૧૪

બાયડના ડેમાઈ પુલ નજીક ચાલુ ગાડીમાં એકાએક આગ ભભૂકી ઉઠતા કારના ચાલકે સુચકતા વાપરી નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાયડ નગરપાલિકાની ફાયર ફાયટરને કોલ કરતા તાબડતોબ પહોંચી ટીમે આગ પર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી, જોકે આગની ઘટનામાં ગાડી ભસ્મીભૂત થઈ ગઈ હતી.

વીએચપી મહિલા ટીમે જીલ્લા કલેકટર અને પોલીસવડાને રાખડી બાંધી રક્ષા કવચ માંગ્યું

વિશ્વ હિન્દુ પરિષદ (મહિલા વિભાગ) દુર્ગાવાહીની માતૃશક્તિ ટીમે હિન્દુ ધર્મના પવિત્ર તહેવાર રક્ષાબંધન નિમિત્તે જીલ્લા કલેકટર એમ.નાગરાજન અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલ, કલેકટર કચેરી, પોલીસતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને સબજેલમાં જેલર સહીત સ્ટાફને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી બહેન દીકરીઓ અને ગૌ માતાની રક્ષા કરવાની માંગ કરી હતી. જેમાં જીલ્લા ઉપાધ્યક્ષ મધુબેન વ્યાસ, જીલ્લા સંયોજિકા લતાબેન ભાવસાર, લીનાબેન પટેલ, પ્રખંડ સંયોજિકા સુનીતાબેન મેઘા, સોનલબેન પટેલ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

અરવલ્લીની પ્રાથમિક શાળાઓમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

મોડાસા, તા. ૧૪

ભાઈ-બહેનના પવિત્ર સંબંધના પર્વની ઉજવણી અરવલ્લી જીલ્લાના પ્રાથમિક શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં રક્ષાબંધનના ગણતરીના કલાકો પહેલા હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા તાલુકાની વાંટડા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી એક મોં મીઠું કરાવી રાખડી બાંધી રક્ષાબંધન પર્વની સામુહિક ઉજવણી કરવામાં આવી હતી. બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

વાઘપુર ગામની ધી વાઘપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૪

વાઘપુર ગામની ધી વાઘપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.હિંમતનગર સાબરડેરી ડીરેક્ટર,ભીખુસિંહ પરમારએ દુધ ઉત્પાદકો, સભાસદોને ૫૦૦ થી વધુ વૃક્ષોના રોપાઓનું વિતરણ કર્યું હતું. સાબરડેરી શામળાજી એમ.પી.ઓ. વિભાગ ઈન્ચાર્જ જગદીશભાઈ પટેલ, એમ.પી.ઓ. સુપરવાઈઝર હર્ષવર્ધનસિંહ,ધી વાઘપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેનપ, વા.ચેરમન, સેક્રેટરી, દુધ ઉત્પાદકો, સભાસદો,ગ્રામજનો વૃક્ષારોપણ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.પર્યાવરણની જાળવણી,જાગૃતિ અર્થે વૃક્ષારોપણ કરાયુ હતું.વૃક્ષોનું જતન,માવજત સંદર્ભે વિશેષ ભાર મુકાયો હતો.

બનાસકાંઠા જિલ્લા પોલીસ સલાહકાર સમિતિના સભ્ય પદે નિમણુંક

ડીસા, તા. ૧૪

રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લા પોલીસ

વડાના નેતૃત્વ હેઠળની જિલ્લા પોલીસ સલાહકાર સમિતિના સભ્ય પદે વરિષ્ઠ પત્રકાર દેવતભાઈ બારોટ, કંચનજી ઠાકોર (ભીલડી), રામલાલ મીણા (અમીરગઢ), મહેન્દ્ર અગ્રવાલ (અંબાજી), રમેશભાઈ દેલવાડિયા (ડીસા), હરનાથભાઈ ચૌધરી (દાંતીવાડા), તેજાજી રાજપૂત (લવાણા) તથા બે મહિલાની નિમણુંક કરાઈ છે.

મૂળ મહેસાણા જિલ્લાના લિંચ ગામના વતની અને બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે પત્રકારત્વના વ્યવસાય સાથે સંકળાયેલા અને બનાસકાંઠા જિલ્લા ભાજપના મીડિયા વિભાગના ઈન્ચાર્જ દેવતભાઈ બારોટ તેમજ ખેંટવા ગ્રામ પંચાયતના પૂર્વ ઉપ સરપંચ અને બનાસકાંઠા જિલ્લા ભાજપના મીડિયા વિભાગના સહ કન્વીનર તેમજ બનાસકાંઠા પ્રેસ પ્રતિનિધી મંડળના કાર્યકારી પ્રમુખ કંચનજી ઠાકોર સહિતના સભ્યોની નિમણુંકથી જિલ્લાના પત્રકાર આલમ, મિત્ર વર્તુળ અને શુભેચ્છકોમાં આનંદની લાગણી છવાઈ છે.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડા,તા.૧૪

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ કોલેજ પ્રિન્સિપાલ પ્રિ.ડા.કલ્પનાબેન પટેલ,સ્ટાફગણ,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં રક્ષાબંધન પર્વની ઉજવણી યોજાઈ હતી.પ્રો.બ્રિજેશ પંચાલ,પ્રો.અક્ષય પ્રજાપતિએ વિદ્યાર્થીઓને ભાઈ-બહેનની રક્ષાનો તહેવાર ના બની રહેતા આપણી સંસ્કૃતિ,રાષ્ટ્રની રક્ષાના સંકલ્પનો તહેવાર બની રહે તેવી અભ્યર્થના સાથે રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરાઈ હતી.કોલેજની વિદ્યાર્થીનીઓએ ભાઈ-બહેનના પ્રેમને વ્યક્ત કરતુ ગીત રજુ કર્યું હતું.કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો.ડા.ભીખાભાઈ પટેલે કર્યું હતું.આભાર દર્શન પ્રો.પ્રજ્ઞાબેન પંચાલએ કર્યું હતું.